# વોકાથોનમાં કહેવાયું 'ચાલો, બ્લડ કેન્સર હટાવીએ'




સુરત | 'રક્તકણ આપીને થેલેસિમિયાવાળાને જીવનદાન આપો', 'બ્લડ કેન્સરને દુર કરવું છે, ભારતને સ્વસ્થ કરવું છે', 'બ્લડ કેન્સરને હટાવીને જીવનને બચાવવું છે.' જેવા સ્લોગન સાથે ચોક બજારથી અઠવા સુધી વોકાથોન યોજાઇ હતી. બોર્ન મેરોડોનર્સ ડે અંતર્ગત દાત્રી બ્લડ સ્ટ્રીમ સેલ ડોનર્સ રજીસ્ટ્રી અને એન.સી.સી (સ્કેટ) દ્વારા વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લ્યુકેમિયા, લિમ્ફોમા, થેલેસેમિયા જેવા રક્ત વિકારો ધરાવનાર દર્દીઓને એચએલએ મેચ થતાં દાતાઓ પાસેથી બ્લડ સ્ટેમ ટ્રાન્સપ્લાન્ટ કરાવવા માટેની અપિલ કરી હતી. આ સાથે જીવલેણ રક્ત વિકૃતિઓથી અસરગ્રસ્ત લોકોના જીવને બચાવવા માટે લોકો આગળ આવે એ માટેનો આગ્રહ કરવામાં આવ્યો હતો.